# વર્ષાઋતુ નિબંધ ગુજરાતી ધોરણ 12

ઉનાળો પૂરો થતાં જ વર્ષાઋતુની શરૂઆત થઈ જાય છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ હોવાથી વર્ષાઋતુ ખૂબ જ મહત્વની ઋતુ માનવામાં આવે છે .મોટાભાગના વિસ્તારોમાં ખેતી ચોમાસા પર આધારિત છે. ખેતી અને પશુપાલનનો મુખ્ય આધાર વરસાદ પર રહેલો છે. માનવ ,પશુ – પંખી અને વનસ્પતિ સૃષ્ટિ વરસાદને આભારી છે.

## વરસાદનું આગમન

ચોમાસું શરૂ થતાં જ આકાશમાં કાળાં કાળાં વાદળો દેખાવા લાગે છે. આકાશમાં ક્યારેક છૂટાછવાયા વાદળો દેખાય છે તો ક્યારેક ઘનઘોર વાદળોની ચાદર છવાઈ જાય છે. તો વળી , ક્યારેક વાદળો એકબીજા સાથે હરીફાઈ કરી રહ્યા હોય એમ દોડતાં નજરે પડે છે. સૂર્ય જાણે વાદળોની વચ્ચે સંતાકૂકડી રમતો હોય એવું લાગે છે. આવાં દૃશ્યો જોઈ સૌના મનમાં વરસાદના આગમનની આશા જાગે છે.

પવનના સુસવાટા , વીજળીના ચમકારા અને વાદળોના ગડગડાટ સાથે મેઘરાજાની પધરામણી થાય છે. ક્યારેક ઝરમર ઝરમર ઝીણી ધારે વરસતો વરસાદ તો વળી ક્યારેક સાંબેલાધાર કે ધોધમાર વરસાદ પડે છે.

**પ્રાકૃતિક સૌંદર્ય :**

વરસાદના આગમનથી ચારેબાજુ આનંદ છવાઈ જાય છે. ભીની માટીની મહેકથી વાતાવરણ મઘમઘી ઉઠે છે. મોર , બપૈયા, ચાતક, જેવા પક્ષીઓ મેહુલાના સ્વાગતના ગીતો ટહુકા કરી કરીને ગાય છે. માછલીઓ અને દેડકાઓઆનંદિત થઇ જાય છે. પક્ષીઓના કિલ્લોલથી વાતાવરણ ગુંજી ઉઠે છે. મોર કળા કરીને નાચે છે.

વરસાદના આગમનથી ધરતી પર લીલુંછમ ઘાસ ઊગી નીકળે છે. ધરતી નવું રૂપ ધારણ કરે છે. ધરતીએ લીલી સાડી પહેરી હોય એવું મનોહર દશ્ય જોવા મળે છે. કુણાકૂણા ઘાસ પર ખુલ્લા પગે ચાલવાની મજા પડે છે. વરસાદના પાણીથી છલકાતાં જળાશયો જીવંત લાગે છે.

ખેતરોમાં લીલોછમ પાક લહેરાવા લાગે છે. આ ઋતુમાં અવારનવાર દેખાતું સપ્તરંગી મેઘધનુષ નીલગગનમાં શોભી ઊઠે છે. વરસાદના સૌદર્યને વર્ણન કરતા કવિ શ્રી રમેશ પારેખે લખેલી સુંદર પંક્તિઓ યાદ આવી જાય.

**“થરથર ભીંજે આંખ-કાન, વરસાદ ભીંજવે**
**શ્રેને કોનાં ભાન-સાન, વરસાદ ભીંજવે.”**

## વર્ષાઋતુની જનજીવન પર અસર :

વરસાદનું આગમન થતાં જ ચારેબાજુ ખુશીઓ છવાઈ જાય છે .ખેડૂતો પોતાના ખેતી ઓજારો અને બળદોને તૈયાર કરીને ઉત્સાહથી ખેતરમાં જાય છે. આધુનિક સમયમાં ટ્રેક્ટર અને યાંત્રિક સાધનોના ઉપયોગના લીધે આવા દૃશ્યો ભાગ્યે જ જોવા મળે છે. બાળકોને વરસાદમાં છબછબિયાં કરવાની મજા પડી જાય છે. બાળકો પાણીના વહેણમાં કાગળની હોડી બનાવીને તારવવાની મજા લેતા હોય છે.કોઈ છત્રી લઈને નીકળી પડે છે તો કોઈ રેઈનકોટ પહેરીને ચાલુ વરસાદમાં ફરવા નીકળી પડે છે. નાનાં બાળકો વરસાદમાં નાચે છે, કુદે છે, ગાય છે, વરસાદને આવકારે છે.

**“આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ;**
**ઊની ઊની રોટલી ને, કારેલાંનું શાક.”**

થોડા જ સમયમાં પાક ઉગી નીકળતાં જ ચારેબાજુ હરિયાળી છવાઈ જાય છે.લોકો આનંદ પ્રગટ કરવા અલગ અલગ તહેવારોની ઉજવણી કરે છે.

હવા , પાણી અને ખોરાક આપણી મુખ્ય જરૂરિયાતો છે . જેમાં હવા આપણને પ્રકૃતિ તરફથી વિપુલ પ્રમાણમાં મળી રહે છે  , પરંતુ પાણી અને અનાજ વરસાદને આભારી છે .આપણા જીવનનિર્વાહ માટે અનાજ તેમજ પશુપાલન માટે જરૂરી ઘાસચારો વરસાદને જ આભારી છે.

# અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ

જેમ યોગ્ય માત્રામાં થતા વરસાદથી સજીવસૃષ્ટિ પર સારી અસર થાય છે તેમ ખૂબ ઓછો કે ખૂબ વધારે વરસાદ પડે તો ઘણું નુકસાન પણ થાય છે. વધુ પડતા વરસાદથી નદી નાળાં છલકાઈ જાય છે. નદીઓમાં પૂર આવે તો આસપાસના વિસ્તારોમાં પાણી ફરી વળે છે. માલસામાન અને પશુઓ તણાઈ જાય છે .ખેતરમાં ઉભેલા પાક ધોવાઈ જવાથી ખેડૂતો પાયમાલ થઈ જાય છે. વધુ પડતા પાણીના ભરાવાથી રોગચાળો ફાટી નીકળે છે.

ખૂબ જ ઓછા પ્રમાણમાં વરસાદ પડે અથવા વરસાદ ના પડે તો પણ જીવન મુશ્કેલ બની જાય છે. ખેતરોમાં વાવેલો પાક પાણીના અભાવે સુકાઈ જાય છે. અનાજ અને ઘાસચારાની અછતના લીધે માનવ અને પશુ – પંખીઓ માટે ખોરાક મેળવવો મુશ્કેલ બની જાય છે. નદીનાળાં સુકાઈ જાય છે. ખેતી અને ખેતી આધારિત રોજગાર ધંધા પડી ભાગતાં ભૂખમરો અને બેકારી જેવી સમસ્યા સર્જાય છે.

**ઉપસંહાર :**

વર્ષાઋતુ સાચેજ સજીવસૃષ્ટિ માત્ર જીવનદાતા સમાન છે. અનાજ , પાણી અને પ્રાકૃતિક સૌદર્ય વર્ષાઋતુને આભારી છે. એટલે જ વર્ષાઋતુને ઋતુઓની રાણી કહેવામાં આવે છે.

**આ પણ વાંચો:** વિજ્ઞાન અને ટેકનોલોજી નિબંધ ગુજરાતી

Visit Website : © PDFPunch.com